# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૪૦૮-૧૨ તારીખ : ૧૮ - ૦૧ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
એરાઈઝ મેટલ ઇન્ડસ્ટ્રીઝ (કમલેશભાઈ દવે)
મુરલીધર હોટલ પાછળ ,
મું. પો. : નારણકા , તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૧૧૦
મોબાઈલ : ૯૪૨૮૯૮૪૧૫૯

**વિષય :** વીજજોડાણ નં ૮૯૭૩૨/૦૫૧૫૯/૦ માં આવેલ રૂ.૩૮,૫૮,૦૧૭-૫૦ નું બીલ આપવા અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૨૯-૧૧-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૪/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રોણકી રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail-forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૩/૨૧-૨૨/ 408-12 તા. 18-01-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબનાગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૪/ક્વા-૩/૨૧-૨૨**

**અરજદાર** : એરાઈઝ મેટલ ઇન્ડસ્ટ્રીઝ (કમલેશભાઈદવે) ગામ: નારણકા

**પેટા વિભાગીય કચેરી** : રોણકી

**રજૂઆત કરનાર** : અરજદાર કમલેશભાઈ દવે અને તેમની સાથે ડોલરભાઈ વ્યાસ હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

**સામાવાળા** : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

**રજૂઆત કરનાર** : શ્રી એલ.કે.પરમાર, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ તથા શ્રી આર.સી.છત્રોલા નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી રોણકી હાજર રહેલ.

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીઝાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

**તારીખ:** ૦૬-૦૧-૨૦૨૨ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૧-૨૦૨૨ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ રોણકી પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૯૭૩૨/૦૫૧૫૯/૦ થી ૯૯ KW નું LTMD વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં અરજદારને તા.૨૧.૧૦.૨૦૨૧ ના રોજ છેલ્લુ વીજબીલ રૂ.૩૫૫૮૦૧૭.૫૦ નું આપવામાં આવેલ છે જે વીજબીલ અરજદાર કોઇપણ સંજોગોમાં

ભરપાઈ કરી શકે તેમ નથી. તેમજ અરજદારને ભૂતકાળમાં પણ સવાલવાળા બીલ જેટલી મોટી રકમનું બીલ મળેલ નથી તથા આટલો વીજવપરાશ પણ ક્યારેય આવેલ નથી.

૨.૧ અરજદાર વધુમાં જણાવે છે કે સદર બીલ મીટર રીડરની ભૂલ અને બેદરકારીના લીધે અરજદારને મળેલ છે. વધુમાં અરજદાર જણાવે છે કે અરજદારનું મીટર બદલી કરવામાં આવેલ જેના લેબ રીપોર્ટમાં પણ મીટર સાથે કોઈ ચેડા થયા હોય તેવું દર્શાવેલ નથી. છતાં પણ આવડી મોટી રકમનું બીલ આપવામાં આવેલ હોય જે તદ્દન ગેરવાજબી હોય અરજદાર સદર બીલ ભરવા જવાબદાર નથી. વધુમાં સદર વીજબીલ ભરપાઈ કરવા માટે સંલગ્ન કચેરી દ્વારા અરજદારને તા.૨૫.૧૧.૨૦૨૧ ના પત્ર દ્વારા તાકીદ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદાર સદર ગેરવાજબી વીજબીલ રદ કરવા તથા સદર તકરાર શરુ હોય વીજજોડાણ ન કાપવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે મે. અરાઇઝ ઇન્ડસ્ટ્રીઝ નામે LTMD ટેરીફ મુજબ તા.૧૫.૦૭.૨૦૨૦ ના રોજ મીટર નંબર PG-195157 થી વીજજોડાણ ૯૯ કીવો માટે લોડ વધારા સાથે આપેલ છે. અરજદારના વીજજોડાણ તથા લાગેલ મીટર તા.૨૪.૦૯.૨૦૨૧ ના રોજ ચેકીગ શીટ નં RRC ૪૩૯૬૭૦ થી બદલવામાં આવેલ છે.

૩.૧ સદર મીટરની લેબોરેટરી ખરાઈ પી.જી.વી.સી.એલના ધારાધોરણ મુજબ તા.૦૮.૧૦.૨૦૨૧ ના રોજ શ્રી કમલેશભાઈ પ્રતાપરાય દવે અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં ચકાસણી કરવામાં આવેલ હતું. આ સમયે મીટરમાં વીજવપરાશ ૪૬૦૫૪૨ KWH યુનીટ નોંધાયેલ હતા તથા મહતમ ડીમાન્ડ ૭૪.૯૦ KW ની નોંધાયેલ હતી.

૩.૨ લેબોરેટરી ખરાઈ બાદ પીજીવીસીએલના નિયમ મુજબ છેલ્લા રીડિંગ અન્વયે કચેરીનો રેકોર્ડ વેરીફાય કર્યા બાદ અરજદારને જે યુનીટમાં બીલ આપવામાં આવેલ હતા તેમાં અને જે આપવા પાત્ર હતું તેમાં ડીફરન્સ આવતા અરજદારને નિયમ મુજબ પત્ર નં. ૭૨૭૭ થી તા.૧૨.૧૦.૨૦૨૧ થી યુનીટ ૪૨૦૯૨૯નું બીલ આપવામાં આવેલ. સદર બીલ કોઈ પેનલ્ટીનું નથી પરંતુ ભૂલ ચૂક લેવી દેવી અંતર્ગત આપેલ છે અને તે ભરપાઈ કરવાને પાત્ર છે.

૩.૩ મીટરના MRI ની બિલિંગ હિસ્ટ્રી ફોરમ સમક્ષ રજુ કરેલ છે. સદર બિલિંગ હિસ્ટ્રીમાં છેલ્લા ૧૨ બિલિંગનું સ્ટેટમેન્ટ આપવામાં આવેલ છે આ સાથે સિસ્ટમ જનરેટેડ LT બિલિંગ રીપોર્ટ નં ૮૮૪ સામેલ કરવામાં આવેલ છે. આ મુજબ અને મીટરના વીજવપરાશની સામે નોંધાયેલ તફાવત જોવા મળે છે. સદર ગ્રાહકના મીટર નંબર PG-195157 નો એમઆરઆઈ લેવામાં આવેલ છે સદર એમઆરઆઈના દૈનિક વપરાશ તારીખ ૦૬.૦૬.૨૦૨૧ તારીખ ૨૫.૦૯.૨૦૨૧ નો જોતા તેમાં દૈનિક વપરાશ છે. સદર ગ્રાહક ને ત્યાં જે રીડિંગ લેવાયેલ છે તેની સીરીઝ અને મીટર ના એમઆરઆઈ ની રીડિંગની સીરીઝ ચકાસતા નીચે મુજબ ની જોવા મળે છે.

| ક્રમ | માસ | રીડિંગ તારીખ | લેવાયેલ રીડિંગ | એમઆરઆઇ પ્રમાણેની સીરીઝ | ક્રમ | માસ | રીડિંગ તારીખ | લેવાયેલ રીડિંગ | એમઆરઆઈ પ્રમાણેની સીરીઝ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ઓક્ટો -૨૦ | ૧૭.૧૦.૨૦ | ૧૦૨૬૧ | ૧૨૩૪૦૯ | ૦૭ | એપ્રિલ-૨૧ | ૧૮.૦૩.૨૧ | ૨૮૦૮૯ | ૩૩૨૩૯૬ |
| ૦૨ | નવે-૨૦ | ૧૦.૧૧.૨૦ | ૧૩૭૧૮ | ૧૪૨૯૨૬ | ૦૮ | મે-૨૧ | ૨૦.૦૪.૨૧ | ૩૨૨૯૫ | ૩૬૭૬૫૩ |
| ૦૩ | ડીસે-૨૦ | ૧૭.૧૨.૨૦ | ૧૬૩૧૮ | ૧૮૧૨૩૩ | ૦૯ | જુન-૨૧ | ૨૫.૦૫.૨૧ | ૩૫૯૨૨ | ૩૯૧૪૧૮ |
| ૦૪ | જાન્યુ-૨૧ | ૧૧.૦૧.૨૧ | ૧૯૫૧૯ | ૨૨૧૦૨૯ | ૧૦ | જુલાઈ-૨૧ | ૧૯.૦૬.૨૧ | ૩૮૬૯૬ | ૪૧૧૧૦૨ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૫ | ફેબ-૨૧ | ૦૧.૦૨.૨૧ | ૨૨૧૫૧ | ૨૫૭૬૦૫ | ૧૧ | ઓગસ્ટ-૨૧ | ૧૮.૦૭.૨૧ | ૩૯૬૧૩ | ૪૪૨૩૪૨ |
| ૦૬ | માર્ચ-૨૧ | ૨૨.૦૨.૨૧ | ૨૭૮૮૩ | ૨૯૯૧૦૦ | ૧૨ | સપ્ટે-૨૧ | ૨૦.૦૮.૨૧ | ૩૯૬૧૩ | ૪૬૦૫૪૨ |

ઉપરના ટેબલમાં જે એમઆરઆઈ પ્રમાણે ની સીરીઝ છે તે જેતે મહિનાની આખર તારીખના દર્શાવે છે. આ સાથે આ રીપોર્ટ બીડેલ છે. આમ આ પરથી સ્પષ્ટ થાય છે કે રીડિંગ જે તે સમયે મીટર રીડર દ્વારા લેવામાં ભૂલ થયેલ છે. લેબ રીપોર્ટમાં નોંધાયેલ રીડિંગ મુજબ અરજદારને અપાયેલ રૂ.૩૫૫૮૦૧૭.૫૦ નું બીલ ભરપાઈ કરવાને પાત્ર હોય જેથી ગ્રાહકે રકમ ભરપાઈ કરવાની રહે છે.

વધુમાં સદર રીપોર્ટ પ્રમાણે તેનો માસિક વપરાશ નીચે મુજબ છે.

| માસ | રીડિંગ Kwh | ડીમાન્ડ કીવો | માસ | રીડિંગ Kwh | ડીમાન્ડ કીવો | માસ | રીડિંગ Kwh | ડીમાન્ડ કીવો |
|---|---|---|---|---|---|---|---|---|
| નવે-ડીસે-૨૦ | ૧૮૫૧૬ | ૮૦.૩૮ | માર્ચ-એપ્રિલ-૨૧ | ૪૧૪૯૫ | ૭૯.૨૧ | જુલાઈ-ઓગ-૨૧ | ૧૯૬૮૪ | ૭૮.૬૬ |
| ડીસે-જાન્યુ-૨૧ | ૩૯૩૦૭ | ૭૫.૪૦ | એપ્રિલ-મે-૨૧ | ૩૩૨૯૬ | ૭૯.૫૬ | ઓગસ્ટ-સપ્ટે-૨૧ | ૨૧૨૪૦ | ૬૭.૬૦ |
| જાન્યુ-ફેબ-૨૧ | ૩૯૭૯૫ | ૭૮.૦૫ | મે-જુન-૨૧ | ૩૫૨૬૬ | ૭૭.૬૨ | સપ્ટે-ઓક્ટો-૨૧ | ૧૮૧૯૯ | ૭૩.૬૯ |
| ફેબ-માર્ચ-૨૧ | ૩૬૫૭૫ | ૮૦.૦૭ | જુન-જુલાઈ-૨૧ | ૨૩૭૬૫ | ૮૨.૦૬ | | | |

આમ, સરેરાશ વીજવપરાશ જોવામાં આવે તો તે ૨૯૭૪૦ યુનીટ થવા જાય છે અને તે તેના મહતમ ડીમાન્ડની સાપેક્ષમાં બરાબર છે. સાથે મીટર નો લોડ સર્વે ચકાસતા તમા પણ વીજવપરાશ નોંધાયો જ છે.

૩.૪ વધુમાં મીટર તા.૨૪.૦૯.૨૦૨૧ ના રોજ બદલ્યા બાદનો વપરાશ વેરીફાય કરતા સદર યુનીટ પેન્ડીંગ બાકી બોલે છે. આ સાથે સંલગ્ન દસ્તાવેજી પુરાવા અમારી પીજીવીસીએલ રોણકી પેટા વિભાગીય કચેરી તરફથી પત્ર નંબર નાઈ/આરએનએસડી/ટેક/૮૪૭૯ તારીખ.૧૦.૧૨.૨૦૨૧ થી અરજદારને લેખિત પત્ર પાઠવવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ મેં. એરાઇઝ ઇન્ડસ્ટ્રીઝનું વીજજોડાણ તા.૨૮-૦૫-૨૦૧૯ ના રોજ ૭.૫ કીવોથી NRGP ટેરીફ હેઠળ આપવામાં આવેલ છે જે LTMD ટેરીફ મુજબ તા:૧૫.૦૭.૨૦૨૦ ના રોજ મીટર નંબર PG-195157 થી ૯૯ કીવોનો વીજભાર વધારો કરેલ છે.

૪.૨ પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારનું વીજબીલ માહે ઓગષ્ટ-૨૧ તા.૨૦-૦૮-૨૦૨૧ અને માહે સપ્ટેમ્બર-૨૧ નું વીજબીલ તા.૧૯-૦૯-૨૦૨૧ ના રોજ ફોલ્ટી સ્ટેટ્સ મુજબ સરેરાશ વપરાશ ૨૪૪૦ યુનીટનું બીલ આપેલ ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૦૮-૧૦-૨૦૨૧ ના રોજ અરજદારનું સદર મીટર તા.૨૪-૦૯-૨૦૨૧ ના રોજ ચેકીગ શીટ નં RRC ૪૩૯૬૭૦ થી બદલવામાં આવેલ છે. ત્યારબાદ સદર મીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદારના પ્રતિનિધિની હાજરીમાં તા.૦૮-૧૦-૨૦૨૧ ના રોજ ચકાસણી કરવામાં આવેલ તેના લેબ રીપોર્ટ મુજબ રીડીંગ ૪૬૦૫૪૨ KWH અને મહતમ ડિમાન્ડ ૭૪.૦૯ KW નોંધાયેલ છે અને મીટર ટેસ્ટ કરતા યોગ્ય છે તેમજ મીટરનો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજબીલ માહે ઓક્ટોબર-૨૧ તા.૨૧-૧૦-૨૦૨૧ ના રોજ મીટર ચેન્જ ની એન્ટ્રી લઈને લેબ રીપોર્ટ મુજબ નોંધાયેલ રીડીંગ અન્વયે રૂ.૩૫,૫૮,૦૧૭/- નું બીલ ગ્રાહકને આપવામાં આવેલ છે. સદર બીલ અરજદારને અન્યાયી લાગતા ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ જેની નિયમાધીન નોંધણી અત્રેના ફોરમમાં તા.૦૩-૧૨-૨૦૨૧ ના રોજ કરેલ છે.

૪.૪ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરેલ લેખિત રજૂઆત તા.૧૬-૧૨-૨૦૨૧ મુજબ મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ અને સવાલવાળા મીટરના એમ.આર.આઈ. અહેવાલમાં નોંધાયેલ રીડીંગ નીચે મુજબ છે.

| Consumer No:89732/05159/0, C Load:99 KW | | | | | |
|---|---|---|---|---|---|
| AS PER PRT | | | AS PER MRI | | |
| BILLING DATE | CURRENT READING | Consumption kwh | DATE | CURRENT READING | Consumption kwh |
| 10.11.20 | 13718 | 3457 | 01.11.20 | 123409 | |
| 17.12.20 | 16318 | 2600 | 01.12.20 | 141926 | 18517 |
| 11.01.21 | 19519 | 3201 | 01.01.21 | 181233 | 39307 |
| 01.02.21 | 22151 | 2632 | 01.02.21 | 221029 | 39796 |
| 22.02.21 | 27883 | 5732 | 01.03.21 | 257606 | 36577 |
| 18.03.21 | 28089 | 206 | 01.04.21 | 299100 | 41494 |
| 20.04.21 | 32295 | 4206 | 01.05.21 | 332396 | 33296 |
| 20.05.21 | 35922 | 3627 | 01.06.21 | 367653 | 35257 |
| 19.06.21 | 38696 | 2774 | 01.07.21 | 391418 | 23765 |
| 18.07.21 | 39613 | 917 | 01.08.21 | 411102 | 19684 |
| 20.08.21 | 39613 (F) | | 01.09.21 | 442342 | 31240 |
| 19.09.21 | 39613 (F) | | 01.10.21 | 460542 | 18200 |

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ અરજદારનો વીજવપરાશ અને સવાલવાળા મીટરમાં નોંધાયેલ વીજ વપરાશમાં ખૂબજ તફાવત જોવા મળેલ છે તેમજ સવાલવાળું વીજમીટર મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ટેસ્ટ કરતા બરાબર જણાયેલ છે. આમ સ્પષ્ટ થાય છે કે મીટર રીડર દ્વારા મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ અરજદારને વીજબીલ અપાયેલ નથી.

ઉપરોક્ત કારણોસર સવાલવાળા મીટરના એમ.આર.આઈ. અહેવાલ મુજબ નોંધાયેલ વીજવપરાશ મુજબ જે તે સમયના ટેરીફ મુજબ વીજબીલો સુધારવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે. જેની વિગતવાર ગણતરી સાથે અત્રેના ફોરમની જાણ હેઠળ અરજદારને દિવસ-૧૦ માં આપવા બાબતેનો પીજીવીસીએલ પક્ષકારને આદેશ આપવામાં આવે છે.

વધુમાં સવાલવાળા મીટરના એમ.આર.આઈ. અહેવાલ ના આધારે મીટરરીડર દ્વારા - અરજદારના મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ વીજબીલ અપાયેલ નથી જેથી સદર ફરિયાદ ઉપસ્થિત થયેલ છે. જે બાબત ગંભીર હોય જવાબદાર કર્મચારી / અધિકારી સામે કંપનીના નિયમ મુજબ દંડનીય કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબની વિગતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રીવાઈઝ બીલની રકમ અરજદારે બાકી રહેલ કુલ રકમના ૦૪ (ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા ફોરમ દ્વારા નિર્ણય કરેલ છે. અરજદારે તેઓનું વીજજોડાણ ચાલુ રાખવા માટે તા.૧૫-૦૨-૨૦૨૨ પહેલા પ્રથમ હપ્તાની રકમ ભરપાઈ કરવાની રહેશે. ત્યારબાદ બીજા, ત્રીજા અને ચોથા હપ્તાની રકમ તા.૧૫-૦૩-૨૦૨૨, તા.૧૫-૦૪-

૨૦૨૨ અને તા.૧૫-૦૫-૨૦૨૨ ના રોજ ભરપાઈ કરવાના રહેશે, તેમજ અરજદારે રેગ્યુલર બીલ ભરપાઈ કરવાના રહેશે અન્યથા જો સદર કાર્યવાહી કરવામાં અરજદાર નિષ્ફળ રહેશે તો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે તેમજ કરાયેલ તમામ કાર્યવાહીનો રીપોર્ટ દિવસ-30 આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ અને ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯